# મૂર્તિ





ઓગષ્ટ - ૨૦૨૩, વર્ષ : ૨૦ અંક : ૮
વાર્ષિક : ₹૫૦/-

## અષાઢી ઉજવણી : શ્રી અબજીબાપા જીવનવૃત્તાંત ત્રિદિનાત્મક પારાયણ











પ્રકાશક : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર, બળદિયા,
તા. ભુજ, જિ. કચ્છ. પીન : 370 427

# અષાઢી ઉજવણી - લંડન

**તા. ૨૨-૭-૨૦૨૩, શનિવાર**

















RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ



ઓગસ્ટ : ૨૦૨૩

વર્ષ : ૨૦

અંક : ૮

## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી




## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર
બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | | |
|---|---|---|
| વાર્ષિક | : | રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : | રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : | રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : | રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com





| અનુક્રમ | પેજ |
|---|---|
| સહજ અમૃત | ૪ |
| અબજ અમૃત | ૫ |
| શ્રી અબજીબાપાનું જીવનવૃત્તાંત પારાયણ | ૬ |
| અષાઢી સમૈયો | ૧૦ |
| સ્વામિનારાયણ મહાનામ જપનો અલૌકિક મહિમા | ૧૫ |
| કેળવણી | ૧૬ |
| શ્રી સ્વામિનારાયણ ડીવાઈન મીશન-ગુરૂપૂર્ણિમા | ૧૮ |




# સહજ અમૃત

★ માણસના દેહમાં ઉનાળાની લૂક પેસે અથવા શીયાળાની હિમ પેસે ત્યારે માણસ મરી જાય છે. તેવી રીતે મન દુઃખદાયી વિષયને ભોગવીને કલ્યાણના માર્ગથી પડી જાય છે તે લૂક લાગીને મરે તેમ જાણવું અને મન સુખદાયી વિષયને ભોગવીને કલ્યાણના માર્ગથી પડી જાય છે. એ હિમાળાનો વા આવે ને મરે તેમ જાણવું માટે જેનું મન ભૂંડા વિષયને દેખીને તપે પણ નહિ અને સારા વિષયને દેખીને ટાઢું પણ થાય નહિ. એવી રીતે જેનું મન અવિકારી રહેતું હોય તેને પરમ ભગવત સંત જાણવા. પણ મનનો તો એવો સ્વભાવ છે જે તેને વિષય ભોગવવા ન દઈએ તો પણ દુખિયું થાય અને જો વિષય ભોગવવા દઈએ તો પણ વિમુખ થઈને અતિશે દુઃખિયું થાય. માટે જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે ટાઢું-ઉનું થાતું નથી તેને જ સાધુ જાણવા. (ગ.મ. ૨૩)

★ યોગનિષ્ઠાવાળો ભગવાનનો ભક્ત ભગવાનના સ્વરુપમાં પોતાની અખંડવૃત્તિ રાખે અને સાંખ્ય નિષ્ઠાવાળો જે ભગવાનનો ભક્ત એ સુખની કેડે જે દુઃખ રહ્યું જે તેનું પ્રમાણ કરી રાખે. પછી તે દુઃખે સોતા એવા સુખ થકી વૈરાગ્ય પામીને પરમેશ્વરમાં જ પ્રીતિ રાખે એવી રીતે સાંખ્યનિષ્ઠાવાળાને સમજણનું બળ હોય. એવું સમજણનું બળ યોગનિષ્ઠાવાળામાં થોડું હોય તેથી કાંઈક વિઘ્ન થઈ જાય ખરુ અને સાંખ્યનિષ્ઠા અને યોગનિષ્ઠા એ બેય એકને વિષે હોય તો કોઈ વાંધો ન રહે. એવો જે ભક્ત તે તો ભગવાનનું જે અક્ષરધામ, ભગવાનની મૂર્તિ અને એ ધામને વિષે રહ્યા જે ભગવાનના ભક્ત તે વિના બીજા લોક અને તે લોકના જે દેવ અને તેના વૈભવ એ સર્વેને નાશવંત જાણીને એક ભગવાનને વિષે જ દૃઢ પ્રીતિ રાખે છે. એવા ભક્તને કોઈ જાતનો વિક્ષેપ આવતો નથી. (ગ.મ. ૨૪)


મૂર્તિમાં રહે તેને પૂર્વ-પશ્ચિમ, આકાશ-પાતાળ આદિ કાંઈ નથી.

# અબજ અમૃત



★ બાપાશ્રીએ અષાઢ સુદ ૧૨, સં. ૧૯૭૪ના દિવસે સવારે સૌ સંત-હરિજનો પાસે રજા માંગી જે અમે આજ ૧૨ વાગ્યે અંતર્ધાન થઈશું માટે સૌ સંતો થાળ કરીને જમાડો ને પારણાં કરો. અને મોટેરા હરિભક્તોને ઘેર રહેવાની આજ્ઞા કરી અને મંદિરના પૂજારી રામજી ભક્તને કહ્યું જે તમે હાર ગૂંથી લાવો. આ વચન સાંભળી સહુ સંતો તથા હરિભક્તો ઉદાસ થઈ ગયા અને સંતોએ ઠાકોરજીનો થાળ કર્યો નહિ અને અગિયાર વાગ્યા સુધી સૌએ પ્રાર્થના કરી. પછી બાપાશ્રી દયા લાવીને બોલ્યા જે, ‘‘હેત જોઈ હરિજનનાં વહાલો પોતે થયા પ્રસન્ન’’ જાઓ શ્રીજીમહારાજે તમારી પ્રાર્થના સાંભળીને અમને રાખ્યા. તમે રસોઈ કરી થાળ જમાડો, અમે હવે રહીશું. પછી ઠાકોરજીના થાળ કરીને બાપાશ્રીને જમાડયા અને સર્વે સંત-હરિજનો જમ્યા અને બાપાશ્રીએ મંદવાડ કાઢી મુક્યો. અને પુરુષોત્તમ લીલામૃત ગ્રંથની પારાયણ કરી યજ્ઞ કરી સહુ સંત-હરિભક્તોને જમાડ્યા. પછી પોતે માંચીમાં બેસીને એક દિવસ વાડીએ અને એક દિવસ છત્રીએ જતા. એક દિવસ માંચીએ બેઠા નહીં અને ચાલીને ગામ બહાર દહેરી છે ત્યાં સુધી આવ્યા અને પછી માંચી બેઠા. તે કરાંચીના લાલુભાઈ તથા મહાદેવભાઈએ આટલુ બાપાશ્રી ચાલે એટલા સાજા થાય પછી કરાચી જવું એવો તેમનો સંકલ્પ હતો તેથી એમ કરી તેમને વિદાય આપી. ત્યારે તેમણે ઓર્તો કર્યો જે આવો આપણે સંકલ્પ કર્યો તે બહુ ખોટું કર્યું કેમ જે આવો જોગ ને દર્શન મુકીને જવુ પડશે. પછી આંખમાં હેતના આંસુ આવી ગયા ને બહુ દીલગીર થઈ ગયા ત્યારે બાપાશ્રીએ કહ્યું, ‘‘અમે કચ્છમાં જ રહીએ છીએ એમ ન જાણશો, કરાંચીમાં પણ છીએ. અમે તો શ્રીજીમહારાજના ભેળા સત્સંગમાં મૂર્તિમાન રહ્યા છીએ. માટે તમે સહુ જાઓ, અમે તમારા ભેળા સદાય છીએ.’’ પછી તેઓ કરાચી ગયા. (૧/૧૯૮)



રાગરૂપી મંદવાડ ટાળ્યા વિના શ્રીજી મહારાજની મૂર્તિનું સુખ આવે નહિ.

# શ્રી અબજીબાપાનું જીવનવૃત્તાંત પારાયણ

અષાઢ વદ ૧૩ થી અષાઢ વદ અમાસ. (તા. ૧૫/૦૭/૨૦૨૩ થી ૧૭/૦૭/૨૦૨૩)

લેખન અને સંકલન :
શ્રી અરવિંદ જી. પટેલ - વિદ્યાનગર
શ્રી કલ્યાણ એન. વેકરીયા - બળદિયા

**વક્તા : સદ્ શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી**

**યજમાન : અ.મુ. શ્રી નાગરદાસભાઈ તથા અ.મુ. શ્રી મણીભાઈ આદેશરા પરિવાર.**

**સભા સંચાલન : શ્રી બી.કે. ડુંગરાણી, મુંબઈ**

તા. ૧૫-૦૭-૨૩ના પરોઢીયે યજમાનશ્રીએ મહાપૂજા કરી. આ મહાપૂજા સદ્. શા. શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામીએ કરાવી. ત્યારબાદ યજમાન પરિવારના ઘરથી સહુ યજમાનશ્રીઓ પોથીયાત્રામાં જોડાયા. પોથી નિજમંદિર થઈ કથામંડપમાં સ્થાપન કરવામાં આવી. ત્યારબાદ વક્તાશ્રીનું પૂજન યજમાન પરિવાર દ્વારા તેમજ ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું. નિત્ય સવારે કથાપૂર્વે અને સાંજે કથા પૂર્ણાહૂતી સમયે આરતી કરવામાં આવતી. વક્તા મહોદયશ્રી પોતાનું વ્યાસપીઠ પર સ્થાન ગ્રહણ કરે તે પહેલા શ્રી રાજ વકીલ અને સંગીતકારો કિર્તન-ધૂનના સુરીલા સ્વરો રેલાવી મૂર્તિ રસ રેલાવતા. આ પારાયણ પ્રસંગે વક્તા મહોદયશ્રી દ્વારા જે જ્ઞાનવાર્તા કરવામાં આવી એના અંશો અહીં પ્રસતુત છે.

ડૉ. નાગરદાસભાઈ અને ડૉ. મણિલાલભાઈ બાપાશ્રીના કૃપાપાત્ર મુક્તો હતા. તેમનો પરિવાર પણ એવો જ કૃપાપાત્ર છે. તેમણે આ પારાયણનો લાભ લીધો છે. આ સમૈયો બાપાશ્રીએ પ્રસ્થાપીત કર્યો છે તેથી આ સમૈયાની કૃપા પણ અનેરી છે. તે કૃપાનો લાભ સહુ હરિભક્તો લઈ રહ્યા છે.

ભજન માટે નિયમ અને નિમિત્ત કારણભૂત છે. ચાતુર્માસ અને આવા સમૈયાને લીધે ખૂબ ભજન ભક્તિ થતી હોય છે. નારદજીએ પણ પોતાના પૂર્વજન્મમાં ચાતુરમાસમાં સંત સમાગમ કરી ભજન કરેલું તેના ફળરૂપે બીજા જન્મે નારદજીરૂપે થયા અને પોતે ભજન કર્યુ અને કરાવ્યું. બીજા તપાદિક સાધન કરતા ભજન અને સત્સંગ વિશેષ છે. એ સત્પુરૂષના યોગ વિના થતું નથી. તેથી બાપાશ્રી કહેતા આ મુનિસ્વામી જેવા સંતને સેવજો.

મુનિસ્વામીનો પ્રથમ મેળાપ બાપાશ્રી સાથે જયપુરમાં થયો અને પ્રથમ સમાગમે જ હેત થઈ ગયું અને બાપાશ્રીના દર્શન કરવા બળદિયા આવતા. પછી તે ભુજમાં જ રહી બાપાશ્રીની ખૂબ સેવા કરી અને આ જીવનવૃત્તાંત ગ્રંથ રચ્યો. આ ગ્રંથ બાપાશ્રીને બતાવ્યો અને આશીર્વાદ મેળવ્યા. આ ગ્રંથ વાંચનારને શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થશે એવા બાપાશ્રીએ આશીર્વાદ પણ આપ્યા.

આપણે કોના છીએ? એ વિચાર હંમેશા રાખવો અને મૂર્તિ ભૂલવી નહીં. તો તે ક્યાંય આથડે નહીં. અહીં ત્રણ દિવસ સહુ પધારયા છો તો ઉંઘ-આળસ તજી ભજન કરવું અને જ્ઞાનની દૃઢતા કરવી. ભક્તો પણ ઉત્તમ-મધ્યમ-કનિષ્ટ ત્રણ પ્રકારના છે. તેને લક્ષણે કરીને ઓળખવા. આત્મદર્શન થકી પણ ભગવાનના સંતને અધિક માની નિર્માની રહે અને પોતા કરતા બીજાને શ્રેષ્ઠ માને અને દાસનો દાસ થઈને રહે તે ઉત્તમ છે. અને ભગવાનનો નિશ્ચય તો હોય પણ દાસભાવે વર્તી ન શકે તે મધ્યમ છે અને ભગવાનમાં અને જગતમાં એમ બેય ઠેકાણે પ્રિતી હોય તે કનિષ્ટ છે. તે ઉપર દાદાખાચરની ઉત્તમ દ્રઢતાની વાત કરી. "માયાનો જન તો મટે જો હરિજન શરણે જાય." માટે નિશ્રિત પુરૂષનો સંગ કરે તો તેની બુદ્ધિ નર્મળ થાય.



આજ તો વચનામૃતને ભણે ને સમજે તો અનંત જીવોનો ઉદ્ધાર કરવાની સામર્થી આવે.

એવા સંત મુનિસ્વામી કેશવપ્રિયદાસજી સ્વામી હતા. ધર્મામૃત પ્રમાણે સંતોએ રહેવું. એવા સંતને વિષે આત્મબુદ્ધિ કરવી.

બાપાશ્રીના અંતરયામીપણાના પ્રસંગોની વાત કરી (૧) મંદિરમાં બેઠા થકા ગોવિંદ ભક્ત પોતાના બળદને બાપાશ્રીના બળદનો ચારો આપ્યો, તો મંદિરમાં બેઠા થકા તેમની પાઘડી ઉતારી લીધી અને (૨) મધ્યરાત્રે સૂવરને વાડીમાંથી ભગાવવાના બહાને વાડી જતા રસ્તામાં જનનો મોક્ષ કર્યો. ''અતિ મોટા પુરૂષને આશરે રે, બળે પૂર્વ જન્મના પાપ.''

કલ્પવૃક્ષ જો સંકલ્પ પૂરા કરે તો ભગવાન અને મુક્તો શું ન કરી શકે? ભગવાન અતિ દયાળુ છે. સર્વેના મનોરથ પૂર્ણ કરે છે. ભગવાનને કોઈ ધન-સંપત્તિથી રાજી કરી શકે તેમ નથી. પરંતુ ભક્તિભાવ - દિવ્યભાવથી રાજી થાય છે. માટે સરળ થાવું અને પ્રેમથી ભગવાનની ભક્તિ કરવી. તર્ક ન કરવા, તર્ક કરવાથી સુખ-શાંતી ન થાય. આત્મકલ્યાણના પુરુષાર્થ કર્યા કરવા.

ભગવાનના અને મુક્તોના સ્થાન દિવ્ય અને કલ્યાણકારી છે. છપૈયા અને ગઢપુર જેવો મહિમા આ છત્રી સ્થાનનો સમજવો એમ મુનિસ્વામી કહેતા. આ સ્થાનનો મહિમા દિવસે દિવસે બધાયને ખબર પડતી જશે અને દર્શન કરનાર આત્યંતિક કલ્યાણનો અધિકારી થશે.

મન-કર્મ-વચને મોટા પુરુષનો પ્રસંગ કરવો. મોટા પુરુષનો પ્રસંગ કરવાથી ભગવાનનો નિશ્ચય થાય છે અને સંશય બધા દૂર થાય છે. તે પર શુકદેવજી અને પરિક્ષિત રાજાનો પ્રસંગ કહ્યો. રાગ-દ્વેષ રહિત હોય એવા સંતનો યોગ કરવો. દેહને વિષે આત્મબુધ્ધિ છે તેવી તેવા સંતને વિષે કરવી. તો જીવ મટી શીવ; કહેતા અનાદિમુક્ત થવાય.

મુનીસ્વામીએ અનાદિમુક્તની સ્થિતિનું વર્ણન જીવનવૃત્તાંતમાં નિર્ગુણદાસજી સ્વામી અને લક્ષ્મીરામભાઈના પ્રશ્નના સંદર્ભથી સમજાવ્યું છે. ગોપાળાનંદ સ્વામી અનાદિમુક્ત હતા. અનાદિમુક્તો મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવે છે. ''વ્હાલા તારી મૂર્તિ અતિ રસરૂપ, રસીક જોઈને જીવે રે લોલ. વ્હાલા એ રસના ચાખણહાર તે છાશ તે નવ પીવે રે લોલ.'' એમ અનાદિમુક્તોને મૂર્તિ સિવાય બીજું કાંઈ નથી. એ સુખ લેવાને પાત્ર થવું. પછી વચનામૃત તેમજ કિર્તનોમાં મૂર્તિમા રહેવાના પ્રમાણો આપી વિસ્તારથી વાત કરી.

આધ્યાત્મિક માર્ગમાં ભગવાનનાં સ્વરૂપનો નિશ્ચય અને દૃઢ આશરો આવશ્યક છે. દૃઢ આશરો થાય તો મનનું ધાર્યું મુકાય અને દાસભાવે સેવા થાય. ''મનગમતું સર્વે મેલીને એક તમને રીઝાવાને...'' તે ઉપર ઉકાખાચર અને મીયાજીની વાત કરી. દાસભાવે વર્તનારા પોતાનો મહિમા ગાતા નથી પણ તેવાનો મહિમા બહુ મોટો છે. ''હીરા મુખસે ના કહે, લાખ હમારા મુલ્ય...''

એક વખત શ્રીજીમહારાજ અમૃતબાઈના ઘેર ગયા. ત્યાં અમૃતબાઈએ થાળ જમવાનો આગ્રહ કર્યો પણ રોકાયા નહીં અને પછી ત્યાંથી નીકળી રાત્રીએ તેમની વાડીએ જઈ ઉતર્યા. ગામના માણસોએ આ સમાચાર આપ્યા એટલે સવારે વહેલા અમૃતબાઈ ઉતાવળે થાળ તૈયાર કરી લાવ્યા. તેમાં દળેલ ખાંડના બદલે બાજરાનો લોટ લીધો અને દૂધમાં નાખી મહારાજને જોરે જમાડ્યા. પછી તેમને ખબર પડી ત્યારે ખૂબ પસ્તાવો કરી ખાંડ લાવી જમાડ્યા, પણ તે મહારાજ ન જમ્યા અને બોલ્યા અમને તમે પહેલા ખૂબ પ્રેમથી જમાડ્યા એમા ખાંડથી પણ વિશેષ આનંદ આવ્યો હતો. એમ પ્રેમની વાત અનેરી છે. ''પ્રેમી તે જનને વશ રે પાતડીયો...''

જો સ્વરૂપનિષ્ઠા દૃઢ હોય તો તેમાં ધર્મનિષ્ઠા આપોઆપ આવી જાય છે. માટે સ્વરૂપનિષ્ઠા દૃઢ કરવી. પ્રારબ્ધ અને અન્ન-વસ્ત્ર તો શ્રીજીમહારાજ ગાદીએ બેઠા ત્યારે જ માગી લીધા છે. માટે તેની હાય-

વોય ન કરવી. અને મૂર્તિમાં જોડાવું.

ગ.મ. ૩૫માં વચનામૃતમાં કહ્યું છે કે (૧) ભગવાનની ઉપાસના કરવી, (૨) ભગવાનના ચરિત્ર ગાવવાં, (૩) ભગવાનનું નામ સ્મરણ કરવું અને (૪) પોતપોતાના ધર્મમાં રહેવું. એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થાવું તે કાંઈ કઠણ નથી. એ તો જેમ વહાણમાં બેસી સમુદ્રને તરવો એવો સુગમ માર્ગ છે. અને કેવળ આત્મદર્શને કલ્યાણ કરવું એતો તુંબડા બાંધીને સમુદ્ર તરવો એવો કઠણ માર્ગ છે. એમ આત્મદર્શને કરીને ભક્તિને વિષે વિઘ્ન ન થાય એટલું જ પ્રયોજન છે. માટે શ્રીજીમહારાજે જે સત્સંગની પ્રણાલી બાંધી છે તેમાં રહેવું અને સત્સંગનો ઉત્કર્ષ થાય તેમ કરવું. જે બાપાશ્રીએ આજીવન કર્યું છે. આપણે પણ કૃપાપાત્ર બની સંપીને રહીએ અને સત્સંગની સેવા કરીશુ તો મહારાજ બાપા રાજી રહેશે.

બાપાશ્રીના પ્રાગટ્યની વાત કરતા મુનિસ્વામી કહે છે કે, ''કચ્છના ભક્તો મહારાજના વિયોગે તેમના દર્શન કરવા ગઢપુર ગયાં અને શ્રીજીમહારાજે તે ભક્તોને કહ્યું કે અમારા અનાદિમુક્તને અમે કચ્છમાં મોકલશું. ત્યારે બળદિયાના રત્ના ભક્તે પૂછયું કે ક્યાં ગામમાં? ત્યારે શ્રીજીમહારાજ કહે તારા ગામમાં. એવી રીતે આશ્વાસન આપી સહુ ભક્તોને આનંદ આપી પાછા વળાવ્યા.''

સમય જતા બાપાશ્રીના માતૃશ્રીને શ્રીજીમહારાજે કાળી તલાવડીના કાંઠે દર્શન આપી આશીર્વાદ આપ્યા કે, ''અમારા અનાદિમુક્ત તમારે ત્યાં પ્રગટ થશે.'' પછી બાપાશ્રી પ્રગટ થયા અને નાનપણથી જ કેટલાક ઐશ્વર્ય જણાવતા. અચ્યુતદાસજી સ્વામીએ તેમને વર્તમાન ધરાવ્યા અને પાંચા પિતાને કહ્યું કે આ જે તમારા પુત્ર છે તે તો અનેક જીવોના કલ્યાણ કરશે. આ સાંભળી પાંચા પિતા અત્યંત પ્રસન્ન થયાં.

બાપાશ્રી આ કાળી તલાવડીમાં મિત્રો સાથે ડૂબકી મારવાની રમત રમતા અને પોતે ડૂબકી મારી , ભુજ, મૂળી, ગઢડા, વડતાલ, જુનાગઢ, અમદાવાદ ધામોમાં દર્શન કરી અક્ષરધામમાં ગયા અને બાપાશ્રી ડૂબી ગયા છે એવું સમજી બાળકો પ્રાર્થના કરી એટલે બાપાશ્રી પાણીથી બહાર આવી આ વાત કરી તે સાંભળી સહુ રાજી થયા. આવી અનેક લીલાઓ બાપાશ્રીએ બળદિયામાં કરી છે. જેનું વર્ણન ''અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત'', ''અબજીબાપાશ્રીનું જીવનચરિત્ર'' અને ''અનાદિમુક્ત ચરિત્રામૃતમાં'' કરવામાં આવ્યું છે. તે થકી જાણવું.

અંતમાં યજમાન પરિવારે મહારાજ, બાપા, વક્તા, સંતો તેમજ પોતાના પરિવારના વડીલો તેમજ છતેડીના ટ્રસ્ટીઓ, રસોઈની સેવા, લાઈટ સાઉન્ડની સેવા આપનાર તથા સર્વેનો આભાર માન્યો અને સંસ્થાવતી પ્રમુખશ્રી ગોવિંદભાઈ તરફથી યજમાન પરિવારનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

## સંતોના આશીર્વચન

**સદ્. શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી :**

સં. ૧૯૭૪માં બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કરી આ લોકમાંથી વિદાય લેવાનો સંકલ્પ કર્યો, પણ સંતો અને ભક્તોના અનુગ્રહથી મંદવાડને રજા આપી અને વધુ ૧૦ વર્ષ રહેવાનો સંકલ્પ કર્યો અને પુરુષોત્તમ લીલામૃત સુખસાગરની પારાયણ બેસારી. અષાઢ વદ અમાસના દિવસે સાંખ્યયોગી બહેનો અને બાળકોને જમાડયા અને ત્યારથી આજ સુધી ૧૦૫ વર્ષ થયા આ સમૈયો ઉજવાય છે. મોટા મુક્તોનો સિદ્ધાંત રહસ્ય અનેક જીવના કલ્યાણ કરવાનો હોય છે.

રામાનંદ સ્વામીના શિષ્ય રામદાસભાઈ રામાનંદ સ્વામીથી ૨૦ વર્ષ મોટા હતા અને સર્વે સંતોનું ઘડતર તેઓ કરતા. રામાનંદ સ્વામીના અંતરધ્યાન થયા પછી પણ શ્રીજીમહારાજ ગાદીએ

બેઠા પછી પણ સંતોનું ઘડતર કરતા અને પૂરા ૧૦૦ વર્ષ (૧૭૭૬ જેઠ સુદ ૧૧ થી ૧૮૭૬ જેઠ સુદ ૧૧) સુધી રહ્યા. તેઓ શ્રીજીમહારાજથી ૬૧ વર્ષ ઉંમરમાં મોટા હતા પણ શ્રીજીમહારાજની અનુવૃત્તીમાં રહ્યા. શ્રીજીમહારાજ પણ તેમની ખૂબ બરદાસ કરતા અને જયારે તેઓ અંતરધ્યાન થયા ત્યારપછી ઘણો સમય ઉદાસ રહ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીની પ્રાર્થનાથી શ્રીજીમહારાજે ઉદાસી ત્યજી. આમ બધા સંતો માળાના મણકા હતા તો રામદાસભાઈએ માળકાનો દોર હતા.

યજમાન પરિવારના સત્સંગની પ્રસંશા કરી કાશીરામભાઈ તથા લાભુભાઈની પોતાની અનુભવની વાત કરી. આ પરિવાર કારણ સત્સંગની મુખ્ય ધારામાં આજ સુધી જોડાયેલ રહ્યો છે. આપણે પણ મૂળ-ધારા સાથે જોડાઈ રહેવું અને મોટુ મન રાખી મહારાજ-બાપા રાજી થાય તેમ કરવું.

**સદ્. શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામી :**

ભગવાન સ્વામિનારાયણ ડાંગરવા ગયા ત્યારે કુંવરજીભાઈનો ૨૮ જણનો પરિવાર એકસાથે રહેતો અને જમતો. એ જોઈ મહારાજ ખૂબ પ્રસન્ન થયા. તેવી જ રીતે આ ડૉ. નાગરદાસભાઈ અને ડૉ. મણિભાઈનો મોટો પરિવાર એક સાથે અહિં ઉપસ્થિત થઈ આ પારાયણનું આયોજન કર્યું છે. જે ધન્યવાદને પાત્ર છે.

આપણા આચાર્ય શ્રી તેનેજન્દ્રપ્રસાદજી મહારાજ પાટડી પધાર્યા હતા ત્યારે મુનિસ્વામીને સંબોધીને કહ્યું હતું કે આવા ચીંથરે વિંટેલા રત્ન છે તેમને સેવજો.

એક વખત ઈશ્વરચરણદાસજી સ્વામીને કમળી થઈ હતી. તેથી બળદિયા આવી બાપાશ્રી પાસે દેહ મૂકવો એમ સંકલ્પ કરીને બળદિયા પધાર્યા. ત્યારે બાપાશ્રી અંતરયામીપણે જાણી ગયા અને બાપાશ્રી બોલ્યા જે તમને ધામમાં જવા દેવા નથી. મહારાજ જેમ રાખે તેમ રહેવું બીજો સંકલ્પ ન કરવો. શ્રીજીમહારાજને તમારા દ્વારા અનેકના કલ્યાણ કરાવવા છે. પછી બાપાશ્રીએ સ્વામીને રોટલો પીરસ્યો અને જણાવ્યું કે આ રોટલો ઔષધ સમાન છે. તે પ્રસાદ સમજી સ્વામી જમી ગયા ત્યારે સ્વામીની ઉંમર ૪૦ વર્ષની હતી. પછી બીજા ૪૦ વર્ષ દેહ રાખ્યો અને સત્સંગની સેવા કરી.

**ડૉ. જયંતીભાઈ નાગરદાસભાઈ આદેશરા :**

એકવાર બાપાશ્રી છત્રીએ બધા સંત-હરિભક્તોને ચંદન ચર્ચ્યું અને એ ચંદનવાળા હાથ મારાભાઈ ડૉ. પ્રિયકાંતભાઈ નાગરદાસભાઈ આદેશરાના માથાના વાળ પર લુછયા.

એકવાર બાપાશ્રી વિરમગામથી અમદાવાદ જતા હતા. પોતે સાકરનો ડબો જોડે રાખતા તે અમારે ઘેર ભૂલી ગયા. તે સાકરનો ડબો મોંઘીબા લઈને આવ્યા ત્યારે એમ બોલ્યા જે મારી દીકરી આવે છે માટે તમે સંતો બાજુમાં ખસો.

એકવાર બાપાશ્રી વિરમગામ અમારે ઘેર પધારેલ. અમારા ઘર મંદિરમાં શ્રીજીમહારાજની મૂર્તિ અને એક પડખે મૂળીના હરિનારાયણદાસ સ્વામીની મૂર્તિ અને બીજા પડખે બાપાશ્રીની મૂર્તિ હતી. શ્રીજીમહારાજની મૂર્તિ ઉપર હાથ ફેરવીને બાપાશ્રી કહે આ આપણા ભગવાન, હરિનારાયણદાસજી સ્વામીની મૂર્તિ પર હાથ ફેરવી બોલ્યા જે આ આપણા ગુરૂ. અને પોતાની મૂર્તિ ઉપર હાથ ફેરવી બોલ્યા જે આ સેવક. એવા અનેક સંભારણા બાપાશ્રીના છે.

**નોંધ:-**

આવા સંભારણાની વાત આ પ્રસંગે આદેશરા પરિવારના મુક્તોએ સભામાં કરી તેની વિસ્તૃત નોંધ જ્યોતિન્દ્ર એમ. આદેશરા દ્વારા ''અષાઢી સમૈયો'' નામે અલગ લેખમાં આવરી લેવામાં આવી છે.


ચિત્ત નિર્વાસનીક થઈને ભગવાનની વિશે જોડાય છે તો ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે.

# અષાઢી સમૈયો

જ્યોતિન્દ્ર એમ. આદેશરા – અમદાવાદ

**અ.મુ. ડૉ. નાગરદાસભાઈ તથા અ.મુ. ડૉ. મણિભાઈ આદેશરાની સ્મૃતિ પારાયણ**

સર્વોપરી સદાય પ્રગટ અને પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન અનંત જીવોના મોક્ષાર્થે સવંત ૧૮૩૭ના ચૈત્ર સુદ ૯ના રોજ પ્રગટ થયા. પોતાની સાથે ઘણા મુક્તો જેવાકે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તેમજ દાદાખાચર, પર્વતભાઈ વગેરેને સાથે લાવ્યા. ફક્ત ૨૮ વર્ષના ટૂંકા ગાળામાં પોતાનું સર્વોપરીપણું પ્રગટાવ્યું. પોતાના મુક્તો પાસે ૮ મોટા અને ઘણાં નાના મંદિરો બનાવ્યા. ધર્મ પાળવાને અર્થે શિક્ષાપત્રીની રચના કરી પોતાના મુક્તો પાસે વચનામૃત, સત્સંગીજીવન, સત્સંગીભૂષણ તેમજ લીલા ચરિત્રોના ગ્રંથો જેવાકે હરિસ્વરૂપ ચરિત્ર ચિંતામણી વગેરેની રચના કરાવી. આ ઉપરાંત સદ્ગુરૂ સંતો પાસે ૧૮થી ૨૦ હજાર કિર્તનો બનાવરાવ્યા. જેમાં શ્રીજીમહારાજના સર્વોપરી સિધ્ધાંત વર્ણન કર્યો. શ્રીજીમહારાજે હજારો ઉત્સવ, સમૈયા જેવાકે જન્માષ્ટમી, રામનવની, હરિનવમી નિમિત્તે કર્યા. જેમાં હજારો હરિભક્તો આવતાં. અને શ્રીજીમહારાજનાં સીધા સંપર્કમાં આવતા, મોટા મોટા સંતોના સંપર્કમાં પણ આવતા. શ્રીજીમહારાજનો મહિમા સમજી આત્યંતિક મોક્ષની ગતીને પામતાં.

શ્રીજીમહારાજ જયારે મનુષ્યરૂપે દર્શન આપતાં હતા ત્યારે મુક્તોના અથાગ પ્રયત્નો છતાં જીવો શ્રીજીમહારાજનો સંપૂર્ણ મહિમા સમજી શકતા નહીં. ત્યારે મુક્તોએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી કે કેટલાક જીવ તમારો મહિમા સમજી શકતા નથી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, એમને આજે જ આપણો યોગ મળ્યો છે માટે નવા આદરવાળા છે તેથી તેમના માન્યામાં આવતી નથી. પણ જેણે જેણે તમારી વાતો સાંભળી તે સર્વે દેહ મૂકશે તેમને ફેર સત્સંગમાં જન્મ ધરાવશું ને તમને ઉદપેશ કરવા મોકલીશું.

શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં વિશિષ્ટ સંકલ્પથી અબજીબાપાશ્રી સં. ૧૯૦૧ના કારતક સુદ ૧૧ના રોજ પ્રગટ થયા. તેમણે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સંપૂર્ણ સિધ્ધાંત અને સર્વોપરી ઉપાસના વચનામૃત રહસ્યાર્થ પ્રદિપીકા ટીકામાં વચનામૃત જે શ્રીજીમહારાજની પરાવાણી છે, તેના સંદર્ભો ટાંકી ટાંકી બતાવ્યા કે અવતારો અનંત છે ને અવતારી શ્રીજીમહારાજ એક જ છે. માટે મહારાજને સર્વે અવતારોના અવતારી કહેવાય છે. જીવકોટી, માયાકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી અને અક્ષરકોટી અનંત અનંત છે. તેઓ શ્રીજીમહારાજની મૂર્તિનો પ્રકાશ જે અક્ષરધામ તેની એક કિરણમાં ઉડતા ફરે છે અને તેઓને શ્રીજીમહારાજના સાક્ષાત દર્શન નથી. શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન તો પરભાવમાં તેમની સન્મુખ રહેલા અનંત પરમ એકાંતિક મુક્તોને અને તેમની મૂર્તિમાં રહી મૂર્તિનું રોમરોમનું સુખ ભોગવતાં એવા અનંત અનાદિમુક્તોને જ છે. આવું સર્વોપરી જ્ઞાન શ્રી અબજીબાપાશ્રીએ સમજાવ્યું.

બાપાશ્રીએ પોતાની હાજરીમાં ઘણાં નાના, મોટા યજ્ઞો એટલે કે સમૈયાઓ કર્યા તેમાં હજારો હરિભક્તો અને સેંકડો સંતો પણ બળદીયા/વૃષપુર આવતા. ત્યાં આવતાં જ બધાના ઘાટ સંકલ્પો બંધ થઈ જતાં. દરેકને આનંદ આનંદ વર્તતો અને મુસાફરીનો થાક ઉતરી જતો. તે સમયે બળદીયા જવું ખૂબ કઠણ હતું. દરિયામાં વહાણમાં જવું પડતું અને ત્યાં ઉતરી ઘણીવાર બળદ ગાડામાં જવું પડતું. છતાંય દિવ્ય મહિમાના હિસાબે બધો થાક ઉતરી જતો અને ત્યાં પણ કાંઈ અસુવિધા જેવું લાગતું નહીં. બાપાશ્રી પણ દરેક હરિભક્ત કઈ રીતે સુખી થાય, આનંદ વર્તે, તેવો રાજીપો બતાવતાં. ઘણીવખત બાપાશ્રી સમૈયામાં એક સાથે અનેક જગ્યાએ દર્શન આપતા. કોઈકને સભામાં દર્શન થાય, તો કોઈકને ઉતારે ખબર પૂછતા હોય, તો ક્યારેક પાકશાળામાં હોય એમ રાજીપો બતાવતાં. બાપાશ્રીએ નાના યજ્ઞો ઘણા કર્યા પરંતુ મોટામોટા છ યજ્ઞો કર્યા ને સર્વેને મૂર્તિમાં રાખવાના આશીર્વાદો આપ્યા અને હરિભક્તો, સંતોને ખૂબ સુખીયા કર્યા.

૧. સૌથી પહેલો યજ્ઞ સં. ૧૯૫૯માં ચૈત્ર મહિનામાં કર્યો. મૂળીના સદ્. બ્ર. બાળમુકુંદાનંદજી વક્તા તરીકે લાભ આપતા હતા. જેમાં ભુજથી

અક્ષરજીવનદાસજી તેમજ અમદાવાદ/મૂળીથી ઈશ્વરચરણદાસજી સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી, ધર્મકિશોરદાસજી સ્વામી વગેરે મંડળે સહિત સંતો આવ્યા હતાં. બાપાશ્રીના દર્શન સમાગમનો દરેકે ખૂબ લાભ લીધો.

૨. સં. ૧૯૭૧ના ફાગણ માસમાં બાપાશ્રીએ કાલી તલાવડીએ છત્રી કરાવી ત્યારે મોટો યજ્ઞ કર્યો અને આશીર્વાદ આપ્યા હતા કે અહીં છત્રીએ આવીને જે દર્શન કરશે, પક્ષી ઉડીને જશે તે સર્વેનું આત્યંતિક કલ્યાણ કરશું. આ યજ્ઞમાં ઘીના ખાલી ડબ્બાઓને બાપાશ્રીએ લાકડી અડાડી ભરી દીધા હતાં. તેવા ચમત્કારો બતાવતા આ યજ્ઞમાં ધર્મકિશોરદાસજી સ્વામી કથા કરતા હતાં.

૩. સં. ૧૯૭૪માં બાપાશ્રીએ પોતે અદ્રશ્ય થવાનો સંકલ્પ કર્યો. તે નિમિત્તે મંદવાડ ગ્રહણ કર્યો હતો, પરંતુ સંતો, હરિભક્તોની પ્રાર્થનાથી પોતે ૧૦ વર્ષ વધારે રહેવાની હા પાડી હતી. પછી બાપાની આજ્ઞાથી કથા બેસાડી. આ કથામાં ઈશ્વરચરણદાસજી સ્વામી અને નિર્ગુણાનંદજી બ્રહ્મચારી કથાનું પાન કરાવતા હતા.

૪. સંવત ૧૯૭૮ના ચૈત્ર માસમાં બાપાશ્રીએ મહામોટો યજ્ઞ કરાવ્યો. આ યજ્ઞમાં ભીડભંજન હનુમાનજીની પ્રતિષ્ઠા કરી અને સારંગપુરના હનુમાનજીની જેમ કામ કરશે તેવા આશીર્વાદ આપ્યા. તેમાં મુનિ કેશવપ્રિયદાસજી અને ઉત્તમપ્રિયદાસજી સ્વામી કથાના વક્તા હતાં.

૫. સં. ૧૯૮૨માં પોતે મંદવાડ ગ્રહણ કરી હરિભક્તો, સંતોને બોલાવી મોટો યજ્ઞ કર્યો. તેમાં સત્સંગીજીવનનું પારાયણ બેસાડ્યું અને મુનિ સ્વામિ અને પુ. ઉત્તમપ્રિયદાસજી કથાના વક્તા હતાં.

૬. સં. ૧૯૮૪માં બાપાશ્રીએ ‘‘આ અમારો છેલ્લો યજ્ઞ છે.’’ એમ જણાવી સત્સંગીજીવનની પારાયણ બેસારી. તેમાં મુની સ્વામી અને ઉત્તમપ્રિયદાસજીએ કથાનો લાભ આપ્યો. બાપાશ્રીએ આ સમૈયામાં અઢળક સુખો આપ્યા અને સર્વેના મનોરથો પૂર્ણ કર્યા.

આ પછી બાપાશ્રીના દેહોત્સવ પછી ઈશ્વરચરણદાસજી સ્વામીની નિશ્રામાં મહામોટો યજ્ઞ કર્યો. બાપાશ્રીનાં સંભારણાની ખૂબ યાદ કરાવી. આ સર્વે સમૈયા બાપાશ્રીએ સર્વેને મૂર્તિમાં જોડવા માટે જ કર્યા.

બાપાશ્રી જ્યારે પ્રગટ થયા ત્યારે પોતાની સાથે મુક્તોનો સમૂહ લઈને પધાર્યા હતા. જેમાં મહાન સદ્ગુરૂઓ ઈશ્વરચરણદાસજી, વૃંદાવનદાસજી સ્વામી, ધર્મકિશોરદાસજી સ્વામી, બાલમુકુંદ સ્વામી, શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, ગોપીવલ્લભદાસજી સ્વામી વગેરે અને હરિભક્તોમાં ભુરાબાપા, નાગજીબાપા, ચતુરબાપા, કાનજીબાપા, સોમચંદબાપા વગેરે હતા. તેમની સાથે ડૉ. નાગરદાસજીભાઈ અને ડૉ. મણીલાલભાઈ જેવા મુક્તો હતા.

નાગરદાસભાઈનો જન્મ સવંત ૧૯૪૪ (ઈ.સ. ૧૮૮૭)માં અને મણીભાઈનો જન્મ સં. ૧૯૪૬ (ઈ.સ. ૧૮૮૯)માં મહાપવિત્ર અને ભગવદીય એવા અંબારામભાઈ અને સાકુંબાને ત્યાં થયો, અ.મુ. નિર્ગુણદાસજી સ્વામી જે મહાસમર્થ અ.મુ. ગોપાળાનંદ સ્વામીના શિષ્ય હતા. તે વિચરણ કરતાં વઢવાણ પધાર્યા. ત્યારે અંબારામભાઈએ નાગરદાસભાઈ અને મણીભાઈને નિર્ગુણદાસજી સ્વામી પાસે લઈ જઈ દર્શન કરાવ્યા. અને વર્તમાન ધરાવ્યા. થોડાક સમયમાં અંબારામભાઈ ધામમાં જતાં સાકુંબા બન્ને પુત્રો સાથે તેમના પિયરમાં આવ્યા અને ખોડીદાસ આદેશરા જે તે બન્નેના નાના થાય, તેમણે બન્નેને દત્તક લીધા. તેમને સોનીનો ધંધો કરાવવાની જગ્યાએ ભણાવ્યા. નાગરદાસભાઈને SAS (સબ આસીસ્ટંટ સર્જન) ડોક્ટર બનાવ્યા અને મણીલાલભાઈ કલકત્તા જઈ LCPS ડોક્ટર બન્યા. નાગરદાસભાઈ અને મણીલાલભાઈ અનુક્રમે વિરમગામ અને વઢવાણમાં ડોક્ટરની પ્રેક્ટીસ કરવા લાગ્યા. બન્ને ભાઈઓ અત્યંત પ્રમાણીક, સેવાભાવી અને અતિ ભગવદીય હતા.

બન્ને ભાઈઓ વારંવાર મૂળી મંદિરમાં જતાં. ત્યાં સદ્ગુરૂ ધર્મકિશોરદાસજી પુરાણીના પરીચયમાં આવ્યા અને સત્સંગ વધતો ગયો. સ્વામીએ અ.મુ. બાપાશ્રી અને સદ્ ઈશ્વરચરણદાસજી સ્વામીનો ખૂબ મહિમા સમજાવ્યો. એક વખત ઈશ્વરસ્વામીને દાંતનો દુખાવાનું નિમિત્ત કરી, નાગરદાસજીભાઈને બોલાવ્યા. દાઢ કાઢી નાખવી પડશે તેવું નિદાન કર્યું. ડૉ. નાગરદાસભાઈએ સ્વામીશ્રીને કહ્યું કે, દુખાવો ન થાય તે માટે સ્પ્રે લગાવવો પડશે. પછી દાઢ કઢાય, ત્યારે સ્વામીશ્રીએ કહ્યું, તમ તારે દાત કાઢી નાખો.

સ્પ્રે લગાવવો નથી. નાગરદાસભાઈએ પકડથી દાંત કાઢી નાખ્યો પણ સ્વામીશ્રીએ સહેજ પણ દર્દનો અહેસાસ ન થવા દીધો. તેમની આત્મનિષ્ઠા જોઈ નાગરદાસભાઈને સદ્. ઈશ્વરચરણસ્વામીને ખૂબ મોટા પુરૂષ જાણી તેમની સાથે જોડાઈ ગયા અને તેમને ગુરૂ કર્યા.

કારણ સત્સંગમાં જોડાઈ જવાથી બંન્ને ભાઈઓને સંતોનો અને બાપાશ્રીનો ખૂબ મહિમા સમજાયો. ત્યાં ખબર આવ્યા કે બાપાશ્રી મૂળી મંદિર પધાર્યા છે. આથી દર્શન કરવા બન્ને ભાઈઓ પહોંચ્યા. સભામાં નાગરદાસભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી કે અમારા ઘરમાં બે જીવની અવગતી થઈ છે. તેમની ઉપર દયા કરો ત્યારે બાપાશ્રીએ ધુન કરાવી ત્યારે બાપાશ્રીએ જણાવ્યું કે એકનો મોક્ષ તો થઈ ગયો છે તે વખતે એક માંખી બાપાશ્રીને આંગડી ઉપર બેઠી બાપાશ્રીએ તેની ઉપર પાણી છાંટ્યું અને માખી અદશ્ય થઈ ગઈ. બાપાશ્રી બોલ્યા, લો આ બીજાને પણ અમે ધામમાં મૂકી દીધા. જુઓ નાગરદાસભાઈ, શ્રીજીમહારાજ આવા કામ કરે છે ! પછી તો બન્ને ભાઈઓએ સમગ્ર જીવન બાપાશ્રી અને સત્સંગની સેવામાં સમર્પિત કર્યું. એક વખત વિરમગામમાં સાંખ્યયોગી નાથીબાએ નાગરદાસભાઈને બાપાશ્રીનો જેવો છે તેવો મહિમા કહ્યો કે બાપાશ્રી શ્રીજીમહારાજના સંકલ્પ મૂર્તિ છે અને અનંત જીવોના કલ્યાણ કરવા આવ્યા છે. ત્યારે નાગરદાસભાઈને શંકા થઈ અને બોલ્યા કે સદ્. ઈશ્વરસ્વામી આ વાતની પુષ્ટી આપે તો માનું. તરત જ નાગરદાસભાઈ ત્યાંથી જ સદ્. ઈશ્વરચરણદાસજી પાસે અમદાવાદ જાય છે. ત્યારે સ્વામીએ અંતર્યામીપણે જાણીને બોલ્યા કે નાગરદાસભાઈ એ ડોસી સાચું કહે છે. ત્યારે તેમને જીવમાંથી હા પાડી.

દેવની મિલકત કોની ગણાય? તેવા આચાર્યશ્રીનાં વિવાદ અને ધર્મશુદ્ધિ અને વહીવટશુદ્ધિ માટે બાપાશ્રીની ઈચ્છાથી સત્સંગ મહાસભાની રચના સદ્. ઈશ્વરચરણદાસજીની નિશ્રામાં થઈ. કોર્ટમાં કેસ ચાલ્યો. સામે પક્ષે મોટા મોટા બેરીસ્ટરો રોક્યા. નાગરદાસભાઈએ સદ્ગુરુ ઈશ્વરસ્વામીની પ્રેરણાથી તેમાં ખૂબ મોટો ભાગ ભજવ્યો. બાપાશ્રીએ જણાવ્યું હતું કે, મોટા રૂા. ૧,૦૦૦ના રોકેલા બેરીસ્ટરો પણ કાંઈ કરી ન શક્યાં. તેમની રક્ષા કરી. આ સેવા પ્રવૃત્તિ પોતાના જીવન જીવ્યા ત્યાં સુધી ચાલુ રાખી.

સં. ૧૯૭૮ના માગશર મહિનામાં બન્ને ભાઈઓનાં પરિવારો બાપાશ્રીનાં પ્રત્યક્ષ જોગ સમાગમનો લાભ લેવા કચ્છમાં ગયા. તેમાં સાકુંબા, દિવાળીબા, નાગરદાસભાઈ, મોંઘીબા, તેમના દિકરા શાંતીભાઈ (ઉ. ૧૫), પ્રિયકાંતભાઈ (ઉ.૫), દિકરી ગુણવંતીબેન (૨), મણીલાલભાઈ, ગોમતીબા, તેમના દિકરા લાભુભાઈ (ઉ. ૩) હતાં. પહેલાં ભુજમાં ૪ દિવસ રોકાઈ બળદીયા રાત્રે પહોંચ્યા. બાપાશ્રીના દરેકે ભાવપૂર્વક દર્શન કર્યા. બીજે દિવસે સવારે બાપાશ્રીએ ગુણવંતીબેન (બિપીનભાઈ સ્વદાસનાં માતૃશ્રી)ના કપાળમાં ચાંદલાની જગ્યાએ બોર જેવડી રસોળી જોઈ બાપાશ્રીએ પૂછતા નાગરદાસભાઈએ જણાવ્યું કે તેને નાનું ઓપરેશન કરી કાઢવી પડશે. ત્યારે બાપાશ્રીએ કહ્યું ચાંદલાની જગ્યાએ વાઢીયો હોતો હશે! તે કેટલું અભરું લાગે. આમ, કહી બાપાશ્રીએ રસોળી ઉપર જોરથી ચાંદલો કર્યો. થોડાક જ સમયમાં રસોળી બેસી ગઈ અને કોઈ નિશાન પણ ન રહ્યું. પ્રિયકાંતભાઈએ બાપાશ્રીને શિક્ષાપત્રીનાં શ્લોકો સંભળાવ્યા અને તેમને રાજી કર્યા. બાપાશ્રી સહેજ ડોલતાં ચાલતાં હતાં. તેમના ચાળા લાભુભાઈએ પાડ્યા, તો બાપાએ લાકડીનો છેડો તેમની ડુંટીએ અડાડી હસતાં હસતાં બોલ્યા કે મારા ચાળીયા પાડે છે. એમ રમુજ કરી બધાને ખૂબ આનંદ કરાવ્યો.

ત્યાં બાપાશ્રીના દિકરી રાધાબા ખૂબ માંદા પડ્યા. અને દેહ રહે નહી તેવું લાગ્યું. જો ધામમાં જાય તો બાપાશ્રીને સુતક આવે અને બાપાશ્રીનો મહામોંઘો જોગ સમાગમ બંધ થઈ જાય. આથી બન્ને ભાઈઓએ બાપાશ્રીને પ્રાર્થના કરી કે રાધાબાને રાખો તો સારુ. તેમની નમ્રતા અને વિનયવાળી પ્રાર્થના બાપાશ્રીએ મંજુર રાખી. રાધાબાને સારું કરી દીધું તેવો પરચો આપ્યો. પછી બાપાશ્રીએ બન્ને ભાઈઓને રામપુર ગંગા દર્શન કરી આવો તેમ જણાવ્યું. ત્યારે પહેલાં એવું નક્કી કર્યું કે રામપુર ગંગા વહેલા જઈ પછી ત્યાં સ્નાન કરી ત્યાં પૂજા કરવી. બાપાશ્રી તો અંતર્યામી જાણતાં હતાં કે, વિઘ્ન આવવાનું હતું તેથી બાપાશ્રીએ એવી ઈચ્છા દર્શાવી કે સ્નાન પૂજા કરી પછી જાવ તો સારું. એમ બે વખત બોલ્યા આથી બાપાશ્રીની આજ્ઞા પ્રમાણે સ્નાન પૂજા કરીને સહુ રામપુર ગંગા પહોંચ્યા. ત્યાં મણીલાલભાઈ



આ જીવ સર્વ માયિક ભાવનો ત્યાગ કરી ભગવાનનું વચન પાળે છે અને ધ્યાન કરે છે ત્યારે તેના કારણ શરીરનો નાશ થાય છે.

ગંગાના હોજના કિનારે લીલ હોવાથી લપસીને પડી ગયા. અને શરીરનાં કેડનાં ભાગે ખૂબ જ બેઠોમાર વાગ્યો. આથી બેશુદ્ધ જેવા થઈ ગયા. તેમને ગાડામાં લઈ રામપુર મંદિર લઈ ગયા. ત્યાં ધનબા ફૈબા મહામુક્ત હાજર હતાં. તેમણે કહ્યું, મહારાજ મટાડી દેશે તેમણે એક કોઠીનું પોડું મંગાવી, તેમાં મહારાજની ચરણ રજ નાખી લેપ મોકલ્યો અને જ્યાં વાગ્યું હતું ત્યાં લગાવવાનું કહ્યું. તે લગાવતાં થોડાક સમયમાં પીડા લગભગ મટી ગઈ અને પોતે ચાલવા લાગ્યા. રાત્રે બળદીયા બાપાશ્રી પાસે પહોંચ્યા ત્યારે બાપાશ્રીએ જ્યાં વાગ્યું હતું ત્યાં હાથ ફેરવ્યો તો સહેજ પણ દુઃખાવા જેવું ન રહ્યું ને દડંવત કરવાં લાગ્યા. આમ પંદર દિવસે પણ ન મટે તેવું દર્દ તરત મટાડી પરચો આપ્યો. આમ ૧૩ દિવસ બાપાશ્રીનો ખૂબ જોગ સમાગમ કરી, તેમને રાજી કરી પછી વઢવાણ પાછા આવ્યા.

મૂળી મંદિરનો શતાબ્દી પાટોત્સવ કરવા માટે નક્કી કર્યા પછી વિરોધીઓ પાટોત્સવ ન થાય તે માટે ખૂબ વિઘ્નો નાખ્યા ત્યારે બાપાશ્રીએ પડકાર આપ્યો હતો કે ''અમારે આ પાટોત્સવ કરવો છે, તેને કોણ છે રોકનાર'' તે બાપાશ્રીની દયા અને આશીર્વાદથી પાટોત્સવ વિઘ્ન વિના ખૂબ ધામધુમથી ઉજવાયો. તે વખતે નાગરદાસભાઈ અને બળદેવભાઈ શેઠે મોટા અમલદારને મળી, પાટોત્સવનું નામ વિષ્ણુયાગ બદલી નાખ્યું અને ખૂબ ઉત્સાહથી શતાબ્દી પાટોત્સવ ઉજવાઈ ગયો.

ઈ.સ. ૧૯૨૩માં બાપાશ્રી જ્યારે કરાચીમાં હતા ત્યારે નાગરદાસભાઈને ડબલ ન્યુમોનિયા એટલે બન્ને છાતી કફથી ભરાઈ ગઈ હતી. અને કોઈ દવા અસર કરતી નહતી. તેમજ દેહ ન રહે તેવું થઈ ગયું. ત્યારે બાપાશ્રીને કરાચી તાર કરીને આ સમાચાર આપ્યા. પરંતુ બાપાશ્રી ત્યાંથી નીકળી ન શકવાને કારણે રાત્રે બાપાશ્રીએ નાગરદાસભાઈને દર્શન આપ્યા. એ દર્શન સ્વપ્નમાં નહીં. પરંતુ સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં આપ્યા. સાથે સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી પણ હતાં. લગભગ અડધો કલાક બાપાશ્રી નાગરદાસભાઈ તેમના ખાટલાં ઉપર બેસ્યા, ખબર અંતર પૂછયા અને છાતીએ હાથ ફેરવ્યો એટલે તરત જ તેમને એકદમ રાહત થઈ ગઈ. બધો રોગ મટી ગયો. મણીલાલભાઈ બાજુમાં જ સૂતાં હતાં. પરંતુ તેમને ઉઠાડવાની ના પાડી. પછી બાપાશ્રી અદશ્ય થઈ ગયા. આમ દિવ્ય દર્શન આપ્યાં.

બાપાશ્રી ડિસેમ્બર ૧૯૨૫માં તેમના પૌત્ર રામજીભાઈની આંખોના નિમિત્તે અમદાવાદ આવ્યા. ત્યારે બાપાશ્રી વઢવાણ પધાર્યા હતા. તેમને રાજાની બગીમાં બેસાડી, આખા ગામમાં ફેરવી સામૈયુ કર્યું. સાથે બન્ને સદ્ગુરુઓને બેસાડ્યા. બાપાશ્રી જ્યારે વઢવાણ ઘેર પધાર્યા ત્યારે તેમનું સ્વાગત સોના રૂપાનાં ફૂલોથી કર્યું. બાપાશ્રીએ સમગ્ર પરિવારને ખૂબ આશીર્વાદ આપ્યા. અને વરદાન આપ્યું કે તમારી ઈકોતેર પેઢીનું અમે આત્યંતિક કલ્યાણ કરશું. બાપાશ્રી કહેતાં કે મારે બે દિકરા નથી, પણ ચાર દિકરાઓ છે, કાનજીભાઈ, મનજીભાઈ, નાગરદાસભાઈ અને મણીભાઈ. આમ બાપાશ્રીએ બન્ને ભાઈઓને પોતાના દિકરાઓ તરીકેનું સ્થાન આપ્યું હતું. બાપાશ્રીએ મણીલાલભાઈના દિકરા કાશીરામભાઈ અને નાગરદાસભાઈના પૌત્ર માધુભાઈ (લેખકના પિતાશ્રી)નું નામ પાડ્યું હતું. અને તેમને પોતાના ખોળામાં બેસી રમાડ્યા હતાં. બાપાશ્રીએ બન્ને ભાઈઓના સંપ, સહકારના વખાણ કર્યા હતા અને કાયમ આમ રહેજો તેમ જણાવ્યું હતું. મોંઘીબા ગોમતીબા, રૂકમણીબાને બાપા પોતાની દિકરીઓ કહેતા કે તમે કોઈ દિવસ કાળીયો (ક્રોધ) આવવા દેશોમાં. પછી ઘરમાં બાપાશ્રીએ વચનામૃતની સમૂહ પારાયણ કરાવી અને ખૂબ ખૂબ રાજીપો બતાવી વિદાઈ લીધી.

સંવત ૧૯૮૪ (ઈ.સ. એપ્રીલ ૧૯૨૮)માં જ્યારે બાપાશ્રીએ છેલ્લો મૂર્તિમાં રાખવાનો યજ્ઞ કર્યો ત્યારે બન્ને ભાઈઓ સમગ્ર પરિવાર સાથે કચ્છમાં બળદીયા ગયો હતો. અને બાપાશ્રીના આશીર્વાદ અને પ્રસન્નતા મેળવી હતી.

બન્ને ભાઈઓએ હરિભક્તો તેમજ સંતોની માંદગીમાં ખૂબ સેવાઓ કરી હતી. મૂળીના સદ્ગુરુઓ પણ વારંવાર વઢવાળ તેમજ જોરાવરનગર ડૉ. શાંતીભાઈ નાગરદાસ આદેશરાના ઘેર જતા અને પોતાનું ઘર માનતાં.

ડૉ. નાગરદાસભાઈને ઈ.સ. ૧૯૪૬માં હાર્ટ એટેક આવ્યો. ત્યારે દવાઓ કરનાર વૈધરાજે નાગરદાસભાઈને લસણવાળી દવા લેવાથી જલ્દી સારું થઈ જશે એમ કહ્યું. ત્યારે ભાઈ બોલ્યા કે અમારું તો હાથી જેવું.

જીવતો લાખનો અને મરે તો સવા લાખનો એમ કહીં દવા લેવાની ના પાડી. આમ ઈ.સ. ૧૯૪૬માં નાગરદાસભાઈ ૫૯ વર્ષેની ઉંમરે શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખીયા થઈ ગયા.

જ્યારે મણીલાલભાઈએ સત્સંગની સેવાઓ ખૂબ લાંબા સમય સુધી કરી હજારો હરિભક્તો અને સંતોને દવાઓ આપી સાજા કર્યા. અ.મુ. નારાયણમામાની હાજરીમાં મણીલાલભાઈએ ઈ.સ. ૧૯૭૦ના રોજ ૮૧ વર્ષની ઉંમરે મૂર્તિનાં સુખે સુખીયા થયા.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંકલ્પમૂર્તિ શ્રી અબજીબાપાશ્રીના ૧૫૦ વર્ષ પૂરા થયે અ.મુ. નારાયણમામાના સાનિધ્યમાં સાર્ધ શતાબ્દી સમૈયો બળદીયામાં ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ત્યાં હજારો હરિભક્તો અને સંતો પધાર્યા હતા. ત્યારે અ.મુ. નારાયણમામાએ તા. ૧૩-૧૧-૧૯૯૪નાં રોજ હરિભક્તો, બાઈઓ, ભાઈઓ આવ્યા હોય અથવા આવવાની ઈચ્છા કરી હોય તે સર્વેનો છેલ્લો જન્મ કરી, શ્રીજીમહારાજ પોતાની મૂર્તિના સુખમાં ઝીલાવશે. આ આશીર્વાદની દૃઢતા કરાવતા આગળ મામાશ્રી બોલ્યા કે, સાર્ધ શતાબ્દી સમૈયાના છેલ્લા જન્મના આશીર્વાદ જે મહારાજ મુક્ત દ્વારે બોલ્યા તે કાંઈ બધાય ને રાજી કરવા સારું નથી બોલ્યા બધાયને બળ મળે તે માટે નથી બોલ્યા પરંતુ તે આશીર્વાદ અફર અને અચળ છે તેને અદ્ધરથી ઝીલે અને હા પાડે તો સત્સંગી ના હોય તો પણ તેનો છેલ્લો જન્મ થઈ જાય તેમાં શંકા નથી.

છેલ્લે અ.મુ. નારાયણમામાનો શતાબ્દી સમૈયો તા. ૧૧થી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૩, અમદાવાદમાં ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. હજારો હરિભક્તો, સંતોએ તેમાં ખૂબ લાભ લીધો અને સુખીયા થઈ ગયાં.

સંકલ્પમૂર્તિ અબજીબાપાશ્રીના જન્મ સ્થળ બળદીયામાં દર વર્ષે ત્રણ મોટા સમૈયાનું આયોજન કરવામાં આવે છે. પ્રથમ સમૈયો બાપાશ્રીના જન્મ કારતક સુદ ૧૧ની ઉજમણી રૂપે, કારતક સુદ ૮,૯,૧૦,૧૧ અને ૧૨ (ગુજરાતી કેલેન્ડર પ્રમાણે) એમ પાંચ દિવસ ઉજવવામાં આવે છે. બીજો વૈશાખી સમૈયો, બળદીયા મંદિરની મૂર્તિઓની પ્રતિષ્ઠા નિમિત્તે દર વર્ષે વૈશાખ સુદ અગીયારસથી પૂનમ સુધી પાંચ દિવસ ઉજવવામાં આવે છે. ત્રીજો સમૈયો અષાઢ મહિનામાં ત્રણ દિવસ ઉજવવામાં આવે છે. બાપાશ્રીએ સવંત ૧૯૭૪માં અંતર્ધાન થવાનો સંકલ્પ કરી ભારે મંદવાડ ગ્રહણ કર્યો હતો. પરંતુ સદ્‌ગુરુઓ અને હેતવાળા હરિભક્તોની પ્રાર્થના સાંભળી અને સ્વીકારીને દશ વર્ષ વધારે રહેવાની હા પાડી હતી ત્યારે શરૂઆતમાં અષાઢ મહિનાની અમાસે ઉત્સવ સમૈયો કરાતો હતો. પાછળથી તે ત્રણ દિવસનો કરી તેરસ, ચૌદસ અને અમાસ એમ ત્રણ દિવસનો ઉજવવામાં આવે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમજ બાપાશ્રીની અસીમ કૃપા અને આશીર્વાદથી આ વખતનો અષાઢી સમૈયો અ.મુ. ડૉ. નાગરદાસભાઈ અને અ.મુ. ડૉ. મણીલાલભાઈના દિવ્ય સ્મરણાર્થે તા. ૧૫, ૧૬ અને ૧૭ જુલાઈ ૨૦૨૩, અષાઢ વદ તેરશ, ચૌદસ અને અમાસ. સં. ૨૦૭૯ સુધી બાપાશ્રીની છતેડી ખાતે આદેશરા પરિવારના યજમાન પદે ઉજવવામાં આવ્યો. તેમાં અ.મુ. મુનિસ્વામી કેશવપ્રિયદાસજી રચીત, અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંતની પારાયણ ગોઠવવામાં આવી. સદ્. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામીએ કથા કરી અને તેમની રમુજી, રસસભર શૈલીમાં કથાનું પાન કરાવ્યું અને ખૂબ ખૂબ લાભ આપ્યો. આ સમૈયાનું શ્રેય ડૉ. નાગરદાસભાઈના પૌત્ર શ્રી માધુભાઈ શાંતીલાલ આદેશરાના દિકરી સુલોચનાબેન સુરેશભાઈ ઝવેરી અને ડૉ. મણીભાઈના પુત્ર કાશીરામભાઈના દિકરી બિંદુબેન પ્રવીણભાઈ સુવર્ણકારને જાય છે. તે બન્નેએ સમૈયાના વિચારની શરૂઆતથી પુરો થયો ત્યાં સુધી ખૂબ ખૂબ સેવાઓ કરી અને તેના પરિવારના સભ્યોએ સંપૂર્ણ સાથ આપ્યો. અષાઢી સામૈયો વરસાદની ઋતુમાં આવતો સમૈયો છે. ત્યારે આદેશરા પરિવારના સભ્યોએ બાપાશ્રીને ખૂબ પ્રાર્થના કરી કે આ સમૈયા દરમ્યાન વરસાદનું વિઘ્ન ન આવે, તે વાતને બાપાશ્રીએ મંજુર રાખી અને સમૈયા દરમ્યાન વરસાદનું વિઘ્ન ન આવ્યું. શ્રીજીમહારાજ સદાય પ્રગટને પ્રગટ જ છે. આથી આશીર્વાદોની હેલી કરી સમૈયાનો જેણે જેણે પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ લીધો તે સર્વેને સુખીયા કરી આનંદ આપ્યો.


સાંખ્ય નિષ્ઠાએ કરીને પ્રકૃતિપુરુષ પ્રયત્ન સર્વને કાળનું ભક્ષણ સમજે છે ત્યારે તેમાંથી હેત ટળે છે.

# સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર જપનો અલૌકિક મહિમા

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ- ભુજ

શાસ્ત્રોએ ભગવાનના નામ સ્મરણ કે નામ જપનો મહિમા વર્ણવ્યો છે. શ્રી હરિ લીલામૃત ગ્રંથમાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ઉદ્‌ઘોષણા જે સ્વમુખે ઉચ્ચારેલી તે આચાર્ય મહારાજશ્રી વિહારીલાલ મહારાજશ્રીએ વર્ણવેલી છે. ઉદ્ધવાવતાર શ્રી રામાનંદ સ્વામીએ આ ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી. તેમણે જેતપુરમાં મહાપ્રભુ શ્રી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી સ્વધામ સીધાવ્યા.

શ્રી રામાનંદ સ્વામીના ચૌદમાની સભા સંવત ૧૮૫૮ના માગસર વદ-૧૧, તા. ૩૧-૧૨-૧૮૦૧ના શુભદિને સ્વમુખે ''સ્વામિનારાયણ'' મહામંત્રનો ઉદ્‌ઘોષ કર્યો. વચનામૃતમાં પ્રથમ પ્રકરણના ૫૬માં વર્ણવ્યા મુજબ ''ગમે તેવો પાપી હોય ને અંત સમયે તેને ''સ્વામિનારાયણ'' એવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વ પાપ થકી છુટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે.''

મંત્ર, યંત્ર અને તંત્ર આધ્યાત્મિક માર્ગના સબળ સાધનો પૂરવાર થયા છે. મંત્રમાં બે બાબત રહેલી છે. મનન અને પ્રાણ. તેથી ''મનનમ્ પ્રાણ ધર્મા'' કહેવાય છે. પરશુરામ કલ્પસૂત્રમાં કહ્યા મુજબ, ''મંત્રોમાં અપાર શક્તિમ્ રહેલી છે.'' મનનાત્ પ્રાણને ઈતિ મંત્ર ''જેનું મનન કરવાથી આપણું રક્ષણ થાય એ મંત્ર.'' ''મંત્ર'' શબ્દનો પ્રથમ શબ્દ પ્રયોગ ઋગ્વેદમાં થયો.

બૌદ્ધગ્રંથોનું અંગ્રેજી ભાષામાં ભાષાંતર કરનાર પ્રસિદ્ધ બ્રિટીશ વિદ્વાન એડવર્ડકોઝે તિબેટી બૌદ્ધોમાં અપાર મહિમા અર્થાત્ મંત્ર મહિમાનું આલેખન કરેલ છે. શ્રી રામચરિત માનસના બાલઅંકમાં કહેવાયા મુજબ જયારે મુસીબતોથી ઘેરાયેલાઓ આર્ત ભક્તો નામ જપ કરે તે હરિ સ્મરણ નામ જપથી ટળી જાય છે. લોયાના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું કે, ''ધ્યાન કરતાં ભૂંડાઘાટ થાય તો ઉચ્ચ સ્વરે તાડી વગાડીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભજન કરવું.'' પરિણામે સર્વ અનુચિત ઘાટ ટળી જશે. મનનો અજંપો દૂર થઈ જશે. મનમાં શાંતિ સ્થપાશે.

સ્વામિનારાયણ આ ષડાક્ષર મંત્રનો અદ્‌ભૂત મહિમા છે. સ્વામિમાં ''મિ'' હ્‌વસ્વ થવો જોઈએ. ભગવાનના પ્રાદુર્ભાવની વાત કાનોકાન સાંભળીને ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, ''વડતાલમાં આંબા હેઠળ પરમહંસો સહિત શ્રીજી મહારાજ સભા કરીને વિરાજમાન હતા. સર્વ ભક્તો શ્રીહરિના દર્શનમાં લીન હતા ત્યાં ચાર પાટીદાર આવ્યા ત્યારે શ્રીજી મહારાજે ચરણાર્વિંદ લાંબા કર્યા ત્યારે તે નીરખીને પાટીદારો કહે ચરણ જોઈ આપશ્રી તો ભગવાન જણાવ છો આપના દેહ સામું જોઈએ તો મનુષ્ય જેવો જણાવ છો. આવી સભા અમે દીઠી નથી. કૃપા કરી અમને આ વાત સમજાય તેમ કહો.''

પછી શ્રીજી મહારાજે કહ્યું કે, ''આ ચરણાર્વિંદ પૃથ્વી પર આવે તે માટે પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચઢયો ત્યાં લગી વિરાટ બ્રહ્માએ પ્રાર્થના કરી. સતયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ, કળિયુગ એવા ચાર યુગની એક ચોકડી એવી હજાર ચોકડી થાય ત્યારે વિરાટ નારાયણનો એક દિવસ થાય તેમના એક દિવસમાં આપણા ચાર અબજ બત્રીસ કરોડ વર્ષ થાય એવા ૩૦ દિવસનો એક માસ અને દર માસનું એક વર્ષ.''

અક્ષરાધિપતિ પહેલા વહેલા આ બ્રહ્માંડમાં પધાર્યા. અત્યાર સુધી જે અવતારો થયા તે અક્ષરાધિપતિ ન હતા. તે તો ગોલોકાધિપતિ કે વૈકુંઠાધિપતિ એટલે પ્રધાનપુરૂષ કે પ્રકૃતિપુરૂષના જ હતા. આ વાત ''શ્રીહરિલીલા સિંધુ'' રત્ન તરંગ-૧માં લખવામાં આવી છે.



સમગ્ર બ્રહ્માંડના જીવોના નાડી પ્રાણને ખેંચવા કઠણ નથી પણ જ્ઞાન આપી મૂળ અજ્ઞાન ટાળવું એ મહા કઠણ છે.

# કેળવણી

## શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા. ૦૭/૦૭/૨૦૨૩ને શુક્રવારના રોજ શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત શાળામાં દરેક વિદ્યાર્થીઓના ચેકઅપ માટે ભુજથી ડૉક્ટરની ટીમ આવી હતી. જેમાં ડૉ. ભૂમિકાબેન તથા ડૉ. સચીનભાઈ બાળકોની તપાસ માટે આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના ૬થી ૧૦ ધોરણના બધા વિદ્યાર્થીઓના આંખ, કાન, શરીરના અન્ય રોગોની તપાસ કરવામાં આવી હતી. તથા ધોરણ૧૦ના વિદ્યાર્થીઓને ધનુરની રસી આપવામાં આવી હતી. બધા વિદ્યાર્થીઓના ચેકઅપ કર્યા બાદ તેમાંથી જુદી જુદી શારીરિક તકલીફ ધરાવતા ધોરણ ૬થી ૧૦ના વિદ્યાર્થીઓને અલગ તારવવામાં આવ્યા હતા. અને વધારે ખામી વાળા બાળકોને સરકાર તરફથી નિયુક્ત કરવામાં આવેલા ડૉક્ટરો પાસે તપાસ કરાવવાની સલાહ આપવામાં આવી હતી. ખામી ધરાવતા બાળકોના વાલીઓને તેમની સારવાર કરાવવાની સલાહ શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબે આપી હતી. આમ, સરકારના આ કાર્યક્રમનો શાળા તરફથી પૂરે પૂરો સાથ સહકાર આપવામાં આવ્યો હતો.

## ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી

"ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી."

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા. ૨૧/૦૭/૨૦૨૩ને શુક્રવારના શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના શિક્ષક શ્રી રાજેશભાઈએ આ મુજબની માહિતી આપી હતી. ઉમાશંકર જોશીનો જન્મ ઈડર તાલુકાના બામણા ગામમાં ૨૧/૦૭/૧૯૧૧ના દિવસે થયો હતો. તેમના કાવ્યસંગ્રહો વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ, પ્રાચીના, આતિથ્ય, વસંત વર્ષા, મહાપ્રસ્થાન, અભિજ્ઞા, ધરાવસ્ત્રો વગેરે છે. તેમના વાર્તાસંગ્રહો શ્રાવણી મેળો, ત્રણ અર્ધું, બે અંતરાય, વિસામો છે. ઉમાશંકર જોશીજીએ આપણા ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ બનાવવામાં અમૂલ્ય ભાગ ભજવ્યો છે.

શાળામાં કાર્યક્રમની ઉજવણી પ્રાર્થનાખંડમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉમાશંકર જોશીની ખ્યાતનામ કવિતાઓ, વક્તવ્ય તથા સમૂહગીત જેવી પ્રવૃત્તિઓ રાખવામાં આવેલી હતી. જેમાં ધોરણ ૬થી ૧૦નાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. શૈલેષભાઈ પટેલ સાહેબે ઉમાશંકર જોશીના જન્મ અને તેમના કાર્યો વિષે સરસ મજાની માહિતી આપી હતી.

શાળાની શિક્ષિકા બહેનોએ ઉમાશંકર જોશી રચિત "ભોમિયા વિના મારે ભમવાતા ડુંગરા, જંગલની કુંજ કુંજ જોવી હતી." કવિતા ગાઈ કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

## શ્રી ઘનશ્યામ એકેડેમીમાં Thumb Printingનું આયોજન કરાયું

તા. ૦૧/૦૭/૨૦૨૩ના રોજ શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગી બહેન જોશીના માર્ગદર્શન હેઠળ Thumb Printing નું આયોજન કરાયું હતું.

જેમાં K.G Section ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ Activity માં બાળકોને શિક્ષકો દ્વારા બાળકનો અંગૂઠો કલર દ્વારા રંગી કોરા પેજ ઉપર પોતાના અંગૂઠાથી અલગ અલગ ડિઝાઈનો બનાવી હતી. ત્યારબાદ બાળકોએ ખૂબ જ આનંદપૂર્વક પોતાના મનપસંદ ચિત્રો બનાવી આનંદ પામ્યા હતા. આ Activity નો મુખ્ય હેતુ એ રહ્યો બાળકોમાં Motor skill development થાય.

## ગુરૂ પૂર્ણિમા

''શ્રી ઘનશ્યામ એકેડેમી અંગ્રેજી માધ્યમ બળદિયા મધ્યે 'ગુરૂ પૂર્ણિમા' પર્વની ધાર્મિક ભાવના સભર ઉજવણી કરાઈ.''

તા. ૦૩/૦૭/૨૦૨૩, સોમવારના રોજ 'ગુરૂ પૂર્ણિમા' પર્વ નિમિત્તે શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગી એસ. જોશીના માર્ગદર્શન હેઠળ શાળાના CCA વિભાગ પ્રાયોજીત અને શાળાના ઈન્ટેલિઝન્સ હાઉસ આયોજીત 'ગુરૂ પૂર્ણિમા' પર્વની ઉજવણી અંતર્ગત શાળાના પ્રાર્થના હોલમાં શાળાના આચાર્યાશ્રી, સર્વે શિક્ષકો અને પ્લે ગ્રુપથી ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સૌ પ્રથમ નર્સરી વિભાગ, લોઅર પ્રાયમરી, અપર પ્રાયમરી અને સેકન્ડરી વિભાગમાં શૈક્ષણિક કાર્યકર્તા શિક્ષક મિત્રો સાથે આચાર્યાશ્રીનું શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ દ્વારા કુમકુમ ચોખા સાથે શુભેચ્છા કાર્ડ આપી અભિવાદન કરાયું. ત્યારબાદ ઈન્ટેલિઝન્સ હાઉસની ધોરણ ૯ની વિદ્યાર્થીની ગોહિલ નેન્સી તથા રબારી પરેશ દ્વારા 'ગુરૂ પૂર્ણિમા' પર્વ અનુરૂપ વકતવ્ય અપાયું હતું. ત્યારબાદ હર્ષિલ તિલક અને ગ્રુપ દ્વારા 'આરુણી' આદર્શ શિષ્ય નાટક રજૂ કરવામાં આવ્યું. બાદ પ્રિયાંશી કેરાઈ એન્ડ ટીમ દ્વારા નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. છેલ્લે નર્સરી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ભાષાના શ્લોકનું પઠન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્ટેલિઝન્સ હાઉસના હેડ દેવરાજ ચૌચેટાએ કર્યું હતું તથા ઈન્ટેલિઝન્સ હાઉસના કો-ટીચર્સ ગોસ્વામી ચાર્મી અને કેરાઈ શીતલ સહયોગી રહી જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સર્વ શિક્ષક મિત્રોનો સહયોગ સાંભળ્યો હતો.

## વાંચન સ્પર્ધા

તા. ૧૫/૦૭/૨૦૨૩ને શનિવારના રોજ વાંચન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧થી ૯ સુધીના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાંચન સ્પર્ધાની સંપૂર્ણ તૈયારી શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ Genius House ના શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી. જેમાં House Head શ્રીમતી લોચનબેન પરમાર અને સાથે તેમના સાથી શિક્ષકો દિવ્યાબેન જોશી અને વિશ્વ બુધ્ધભટ્ટીસર એ ખૂબ જ મહેનત કરી હતી. આ વાંચન સ્પર્ધાની શરૂઆત ધોરણ ૯ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ નીચેના ધોરણ તરફ જતા અંતે ધોરણ ૧ના નાના ભૂલકાઓએ પણ ખુબ જ સારું વાંચન કર્યું હતું. આ વાંચન સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભૂમિબેન ગોર અને દિવ્યાબેન જોશીએ જવાબદારી સંભાળી નિષ્પક્ષ પરિણામ તૈયાર કર્યું હતું. આમ વાંચન સ્પર્ધાનું પદ્ધતિસર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ધોરણ ૧માં ગાજીપરા સિયા, ધોરણ ૨માં બોકાની સુરભી, ધોરણ ૩માં ઢેઢી બ્રિનવ, ધોરણ ૪માં કેરાઈ ઋત્વિક, ધોરણ ૫માં પટેલ દિવ્ય, ધોરણ ૬માં વેકરીયા રશ્મી અને પટેલ અક્ષ, ધોરણ ૭માં ભટ્ટ જૈમીન, ધોરણ ૮માં ઠક્કર રાજવી અને ધોરણ ૯માં કેરાઈ પ્રિયાંશીનો આવ્યો હતો. આ ઉપરાંત હાઉસ પ્રમાણે પ્રથમ ક્રમાંકે Genius House અને Intelligence House, દ્વિતિય ક્રમાંકે Excellence House અને Knowledge House આવ્યાં હતાં.


જરાસંઘ મહાન ભક્ત હતો અને રાજમહેલમાં ઠાકોરજીનું મંદિર કરાવી પૂજા કરતો પણ શ્રીકૃષ્ણને ઓળખી શક્યો નહિ.


# ગુરૂ પૂર્ણિમા અષાઢ સુદ પૂનમ નિમિત્તે સત્સંગ બ્રહ્મયજ્ઞ

ગુરૂ પૂર્ણિમા : અષાઢ સુદ પૂનમ, તા. ૦૩/૦૭/૨૦૨૩, સોમવારના રોજ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનના આદ્યસંસ્થાપક અને આપણા સૌના ગુરુવર્ય અનાદિ મુક્તરાજ પરમ પૂજ્ય શ્રી નારાયણમામાના દિવ્ય જોગ-સમાગમ અને દર્શનનો લાભ મળે તેના માટે સત્સંગ બ્રહ્મયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘણી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

તેની શરૂઆત સવારે ૭:૩૦ વાગ્યે જનમંગલથી કરવામાં આવી, ત્યારબાદ થાળ બોલ્યા. પછી શ્રી રાજભાઈ વકીલ દ્વારા નીચે મુજબના પુસ્તકોનું વાંચન કરવામાં આવ્યું.

- વચનામૃત રહસ્યાર્થ કથાપાન ગઢડા પ્રથમનું ૭માનું રહસ્યાર્થ
- અબજીબાપાશ્રીની વાતો કથાપાન ભાગ ૧, વાર્તા - ૨૫૧
- અમૃત સરિતા કથાપાન ભાગ ૨, પ્રવચન - ૧૪
- કીર્તન : "ભવસાગરમાહી શરણ અચળ અવિનાશી સાચા સંતનું"
- અ.મુ. શ્રી છગનભાઈ પટેલે ગુરૂ પૂર્ણિમા પર્વનું મહત્ત્વ, દેવચરણ શાસ્ત્રી રચિત સ્વામિનારાયણ સંહિતાના નારદજીના પ્રસંગ દ્વારા તથા વચનામૃત, અમૃત સરિતા અને ગુરૂવર્ય પ.પૂ. અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈ ગી. ઠક્કરની દિવ્ય સ્મૃતિ સહ પ્રસંગોચિત વક્તવ્ય કર્યુ.
- અ.મુ. શ્રી જગદીશભાઈ ઠક્કરે ગુરૂવર્ય પ.પૂ. અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર (મામાશ્રી)ના દિવ્ય સંભારણારૂપ પ્રસંગો સભા સમક્ષ રજુ કર્યા.
- અ.મુ. શ્રી સંદીપભાઈ મહેતાએ ગુરૂવર્ય પ.પૂ. અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર (મામાશ્રી) સ્થાપિત સર્વજીવહિતાવહ શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનને ૨૦૩૧માં ૫૦ વર્ષ પૂર્ણ થાય છે તેની સુવર્ણ જયંતિ પર્વની ઉજવણી આ ગુરૂપૂર્ણિમાના પાવન દિવસથી શરૂ કરવામાં આવી. શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સુવર્ણ જયંતિ પર્વ ૨૦૩૧ સુધીમાં ૫૦૦ ઘર સભા કરવાનો સંકલ્પ સભામાં રજૂઆત કરી અને તે નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા પ્રથમ ઘર સભાનું આયોજન આ ગુરૂપૂર્ણિમાના પર્વ નિમિત્તે કરવામાં આવ્યું. ૫૦ વર્ષ સુવર્ણ જયંતિ પર્વના લોગોનું અનાવરણ મિશન પરિવારના ટ્રસ્ટીશ્રીઓ તથા અગ્રગણ્ય હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું.
- ત્યારબાદ સમુહમાં ધૂન કરવામાં આવી.
- અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈનું સમાપન વક્તવ્ય.
- સમાપન વક્તવ્ય બાદ સૌ હરિભક્તોએ શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કર્યું. અને છેલ્લે સમુહમાં આરતી કરવામાં આવી. અને સૌ હરિભક્તો આનંદપૂર્વક લાભ લઈ પોતાને ધન્યભાગી માની ગુરૂપૂર્ણિમા નિમિત્તે રાખેલ પ્રસાદ લઈને છુટા પડ્યા.

# મૂર્તિ સુખે સુખી થયા



જેમને સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી, મુનિસ્વામી, કેશવપ્રિયદાસજી, હરિજીવનદાસજી જેવા અનેક સંતો અને ભૂરાબાપા, ચતુરબાપા, મનસુખબાપા, સોમચંદબાપા, કાનજીબાપા, જાદવજીબાપા, નારાયણમામા જેવા અનેક મુક્તોની સેવા અને સમાગમનો લાભ લીધો છે. એવા શ્રી અબજીબાપાની છતેડી, બળદિયાના માજી ટ્રસ્ટી સૌના અતિ પ્રિય અ.મુ. શ્રી રામકૃષ્ણભાઈ તુલસીદાસ સોમૈયા ઉ.વ. ૯૧ તા. ૨૬-૦૭-૨૦૨૩ના સવારે ૮:૩૦ વાગે મુંબઈ મુકામે શ્રીહરિનું નામ સ્મરણ કરતાં કરતાં મૂર્તિ સુખે સુખીયા થયા છે. શ્રીજીમહારાજ, બાપાશ્રી તેમજ અનંત મુક્તો તેમને વધુને વધુ મૂર્તિનું સુખ આપે તેવી શ્રીજીમહારાજ, બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના.





અષાઢી ઉજવણીની કથા અને રાસ




પધરામણી







પોથી - છાબ






ઠાકરથાળી





MURTI, Gujarati, Monthly, August, Year 20, Issue - 08
RNI No. GUJGUJ/2004/52455 Published on 11-08-2023

MURTI

Posted at Bhuj Shorting Office on Date 13th of Every Month
Postal Registration No. GKCH-173 / 2022-24

# અષાઢી ઉજવણીની ત્રિદિનાત્મક પારાયણ

**યજમાન : અ.મુ.શ્રી નાગરદાસભાઈ તથા અ.મુ. મણિભાઈ આદેશરા પરિવાર**

**વક્તા : સદ્. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી**



























**અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામાની સ્મૃતિમા**
**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન અમદાવાદ દ્વારા**
**શ્રી અબજીબાપા એજ્યુ. એન્ડ ચેરીટેબલ સેન્ટરને દાન**

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust.
Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and
Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria